# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી પટેલ ત્રીભોવનભાઈ શીવરામદાસ વિગેરે ,મોજે આસોજ, તા.જી.વડોદરાના બ્લોક.નં.૧૯૭/બ,૧૯૮,૧૯૯,૨૦૦, ૨૦૯,૨૧૦, ૨૧૨ સબપ્લોટ નં.૧ વાળી જમીનનું ક્ષેત્રફળ ૧૭૦૦૧.૬૫ ચો.મી, સબપ્લોટ નં. ૨ વાળી જમીનનું ક્ષેત્રફળ ૧૧૫૮૦.૫૯ ચો.મી તથા સબપ્લોટ નં.૩ વાળી જમીનનું ક્ષેત્રફળ ૧૩૧૬૨.૧૬ ચો.મી માં કુલ-૧ થી ૩ સબપ્લોટ માટે સબડીવીઝન તથા સબપ્લોટ નં.૩ માં ૩/૧ થી ૩/૪૨ આમ કુલ-૪૨ ખુલ્લાપ્લોટ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧.સવાલવાળી જમીનમાં ખુલ્લા પ્લોટ માટેની વિકાસ પરવાનગી આપવામાં આવતી હોવાથી પ્લોટોમાં બાંધકામ કરવા અંગેની પરવાનગી મેળવ્યા બાદજ બાંધકામ શરૂ કરવાનું રહેશે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક:વનમ-૧૦૦૮-૩૨૬૦-લ,તા.૧૦/૩/૧૦ની જોગવાઇ મુજબ કુલ-૬૨૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ,તા.૨૭/૭/૧૦ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૪. જી.ડી.સી.આર-૨૦૦૬ની કલોઝ નં.૩.૬ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. સવાલવાળી જમીનમાં લાઇટ, પાણી, ગટર અંગે વુડા અથવા અન્ય સંસ્થા કાયમી વ્યવસ્થા કરે ત્યાં સુધી સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૬.કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૭.સવાલવાળી જમીન નોન ટી.પી.વિસ્તારમાં હોવાથી વિકાસ યોજના અને નગર રચના યોજના સંબંધે જે કોઈ નિર્ણય ભવિષ્યમાં સરકારશ્રી/સત્તામંડળ/નગર રચના અધિકારીશ્રી દ્વારા આખરી કરવામાં આવશે તે સંબંધિત જમીનમાલિક/ડેવલપર/મિલકતધારક/ કબજેદારને બંધનકર્તા રહેશે અને તેનો અમલ કરવાનો રહેશે.

૮. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી
ની મંજુરી અનુસાર

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૯૫/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા -૧૮.
તારીખ :- ૨૬ - ૦૨-૨૦૧૯

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તરની કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.